# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા માન્યતા પ્રાપ્ત રાજયની તમામ વિજ્ઞાન પ્રવાહ ધરાવતી ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓ, શિક્ષકશ્રીઓ, વહીવટી કર્મચારીશ્રીઓ, વાલીઓ તથા વિદ્યાર્થીઓને જણાવવાનું કે, ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા **ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની** માર્ચ-૨૦૨૩ ની પરીક્ષામાં એક કે બે વિષયમાં અનુત્તિર્ણ થયેલ ઉમેદવારોની જુલાઇ પૂરક પરીક્ષા તા.૧૦/૦૭/૨૦૨૩ થી શરૂ થનાર છે. પરીક્ષાર્થીઓના પ્રવેશપત્ર(હોલટિકિટ) તા.૦૧/૦૭/૨૦૨૩ થી બોર્ડની વેબસાઇટ **sci.gsebht.in** અથવા **gsebht.in** અથવા **gseb.org** પરથી શાળા દ્વારા શાળાનો ઇન્ડેક્ષ નંબર તથા શાળાનો નોંધાયેલ મોબાઇલ નંબર અથવા ઇ-મેઇલ આઇ.ડી. દ્વારા લોગીન કરી ડાઉનલોડ કરી શકાશે. પ્રવેશપત્ર(હોલટિકિટ)ની પ્રિન્ટ કાઢીને પરીક્ષાર્થીના જુલાઇ-૨૦૨૩ પરીક્ષાના આવેદન મુજબ વિષય/વિષયો અને માધ્યમની ખરાઇ કરીને પ્રવેશપત્ર(હોલટિકિટ)માં નીચે નિયત કરેલ જગ્યાએ પરીક્ષાર્થીનો ફોટો ચોંટાડી, પરીક્ષાર્થીની સહી, પરીક્ષાર્થીના વર્ગ શિક્ષકની સહી તેમજ નિયત જગ્યાએ આચાર્યશ્રીનો સહી-સિક્કો (અડધી સહી અને સિક્કો ફોટા પર આવે તે રીતે) કરીને પરીક્ષાર્થીઓને આપવાની રહેશે. પ્રવેશપત્ર(હોલટિકિટ) સાથે પરીક્ષા માટેની ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની સૂચના (નં.૧ થી ૨૪) પ્રવેશપત્ર(હોલટિકિટ)ના પાછળના ભાગે પ્રિન્ટ કરી પરીક્ષાર્થી અને આચાર્યશ્રીની સહી સાથે ફરજીયાત આપવાની રહેશે. પ્રવેશપત્ર(હોલટિકિટ) સાથે ઓનલાઇન મુકવામાં આવેલ વિતરણ યાદીમાં પ્રવેશપત્ર(હોલટિકિટ) તથા સૂચનાપ્રત આપ્યા બદલની પરીક્ષાર્થીની સહી લેવાની રહેશે. જેની તમામ સંબંધિતોને નોંધ લેવા અને સમયમર્યાદામાં જરૂરી કાર્યવાહી કરવા વિનંતી કરવામાં આવે છે. પરીક્ષાર્થીઓના આવેદન તથા પરીક્ષાર્થીના પ્રવેશપત્ર(હોલટિકિટ) માં દર્શાવેલ વિષય/વિષયો બાબતે કોઇ વિસંગતતા જણાય તો બોર્ડની ગાંધીનગર કચેરી ખાતેની વિજ્ઞાન પ્રવાહ(ક) શાખાનો જરૂરી આધારો સાથે સંપર્ક કરવાનો રહેશે.

**નોંધ**:- મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્ર પર જુલાઇ-૨૦૨૩ પરીક્ષાના પરીક્ષણ કાર્ય માટે શિક્ષકશ્રીઓના નિમણૂંકપત્ર(Assessment Order) હોલટીકીટ સાથે ઓનલાઇન જ મોકલી આપવામાં આવેલ છે, જે શાળા દ્વારા ઓનલાઇન ડાઉનલોડ કરવાના રહેશે અને નિયત શિક્ષકશ્રીને જરૂરી વિગતો ભરી નિમણૂંકપત્ર(Assessment Order) તથા સૂચનાઓ સુપ્રત કરવાની રહેશે. નિમણૂંકપત્ર(Assessment Order) ની વિતરણ યાદી ડાઉનલોડ કરી તેમાં શિક્ષકશ્રીઓને નિમણૂંકપત્ર મળ્યા બદલની સહી મેળવી શાળાના રેકર્ડ પર રાખવાની રહેશે અને નિમણૂંકપત્રની નકલ(શાળા પ્રત) પણ શાળા કક્ષાએ સાચવી રાખવાની રહેશે.

(એમ.કે.રાવલ)
નિયામક(પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

તારીખ:-૦૧/૦૭/૨૦૨૩
સ્થળ :- ગાંધીનગર